રાજ્ય સરકારની નોકરીઓમાં મહિલાઓ માટે
અનામત જગાઓ રાખવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ.
ઠરાવ ક્રમાંક:સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.ર.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૦૧/૦૮/૨૦૧૮

વંચાણે લીધા:-

(૧) સા.વ.વિ.ના તા.૦૯/૪/૯૭ના જાહેરનામા ક્રમાંક: જીએસ/૯૭/૧૩/સીઆરઆર/૧૦૯૬/ ૨૨૧૩/ગ.ર
(૨) સા.વ.વિ.ના તા.૦૯/૪/૯૭ના જાહેરનામા ક્રમાંક: જીએસ/૯૭/૧૪/સીઆરઆર/૧૦૯૬/ ૨૨૧૩/ગ.ર
(૩) સા.વ.વિ.ના તા.૨૪/૫/૯૭ના પરિપત્ર ક્રમાંક: સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.ર
(૪) સા.વ.વિ.ના તા.૨૬/૮/૯૭ના પરિપત્ર ક્રમાંક: સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.ર
(૫) સા.વ.વિ.ના તા.૩૧/૮/૨૦૦૪ના પરિપત્ર ક્રમાંક: સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.ર
(૬) સા.વ.વિ.ના તા.૫/૭/૨૦૦૬ના જાહેરનામા ક્રમાંક: જીએસ/૨૦૦૬/૧૬/સીઆરઆર/૧૦૯૬/ ૨૨૧૩/ગ.ર
(૭) સા.વ.વિ.ના તા.૧૪/૬/૨૦૧૨ના જાહેરનામાક્રમાંક: જીએસ/૨૦૧૨/૧૨/સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.ર
(૮) સા.વ.વિ.ના તા.૧૧/૧૧/૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક: જીએસ/૨૦૧૪/૩૭/સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.ર.(ભાગ-૧)
(૯) સા.વ.વિ.ના તા.૧૧/૧૧/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.ર.(ભાગ-૧)
(૧૦) સા.વ.વિ.ના તા.૧૩/૧૦/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક: જીએસ/૨૦૧૫/૩૨/સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.ર.(ભાગ-૧)

## ઠરાવ

સામાન્ય વહીવટ વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના જાહેરનામાંથી રાજ્ય સરકાર હેઠળની તમામ સેવાઓ અને જગાઓ ઉપર મહિલાઓની સીધી ભરતીથી નિમણૂંકો માટે ૩૦% અનામત રાખવા બાબતેના નિયમો પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. ત્યારબાદ ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૮) ના તા.૧૧/૧૧/૨૦૧૪ના જાહેરનામાંથી મહિલાઓની સીધી ભરતીથી નિમણૂંકો માટે ૩૩% અનામત રાખવા અંગેનો સુધારો કરવામાં આવેલ છે. ઉપરાંત સરકારી નોકરીમાં સીધી ભરતીના તબક્કે મહિલાઓને ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૨)ના જાહેરનામાંથી વય મર્યાદામાં પાંચ વર્ષની છુટછાટ આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે. ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૬), (૭) અને (૧૦) ના જાહેરનામાથી નિયમોમાં જરૂરી સુધારા કરવામાં આવેલ છે. તેમજ ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૩), (૪) અને (૫)ના પરિપત્રો અને ક્રમાંક (૯) ના ઠરાવથી કેટલીક સ્પષ્ટતાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

ઉક્ત વિગતે મહિલાઓ માટે રાખવામાં આવેલ અનામત જગા તથા ઉપલી વય-મર્યાદામાં છુટછાટ આપવા અંગે ઉપર મુજબ થયેલ હુકમોના સંદર્ભમાં સરકારશ્રી સમક્ષ કેટલાક મુદ્દા ઉપસ્થિત થયા હતા. આ બાબતે કાળજીપૂર્વક વિચારણા કરી ઉપસ્થિત થયેલ મુદ્દાઓ અંગે જરૂરી સ્પષ્ટતાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ પરંતુ થયેલ સુધારા અને ભરતી એજન્સીઓને ભરતી સમયે ઉપસ્થિત થયેલ અન્ય મુદ્દાઓ બાબતે કેટલીક સ્પષ્ટતાઓ પ્રસિધ્ધ કરવાની થતી હોવાથી નીચે મુજબ તમામ મુદ્દાઓને આવરી લેતી અદ્યતન સંકલિત સ્પષ્ટતાઓ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

| અ.નં. | મુદ્દો | સ્પષ્ટીકરણ |
|---|---|---|
| ૧. | મહિલાઓના અનામત કોટામાં મહિલાઓને કઈ રીતે સ્થાન આપવું ? | સંબંધિત અનામતના વર્ગમાં આવતા હોય તેવા ઉમેદવારોની સંખ્યા તારવીને અને આવી યાદીમાંના ઉમેદવારોની સંખ્યા મહિલાઓ માટેના ખાસ અનામત કોટા માટેની સંખ્યા જેટલી હોય કે તેથી વધુ હોય, તો મહિલાઓ માટેના અનામત કોટા માટે ત્યારબાદ વધુ (ફરીથી) પસંદગી કરવી જરૂરી રહેશે નહિ. આવા કોઇ વર્ગમાં મહિલા ઉમેદવારોની ઘટ હોય, તો જ તેવા વર્ગને લગતી સંબંધિત કેટેગરીની યાદીના અંતથી તદ્-અનુરૂપ સંબંધિત કેટેગરી (ST/SC/SEBC/General) ના પુરૂષ ઉમેદવારોની સંખ્યા કમી કરી નિયત કરેલ માપદંડ ઘટાડીને, આવા વર્ગની હોય તેવી મહિલાઓની જરૂરી સંખ્યાથી જગ્યા ભરી સંબંધિત |

| | | |
|---|---|---|
| | | કેટેગરીની મહિલા ઉમેદવારથી જગ્યા ભરવાની થશે. |
| ૨. | મહિલાઓના જો કોઇ કિસ્સામાં અનામત બેઠક પર મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો તેવી બેઠક કોને ફાળવવી ? | મહિલા માટેની કુલ અનામત બેઠક જેટલી મહિલા ઉપલબ્ધ ન થાય તે સંજોગોમાં તેવી બેઠક જે જાતિ માટે અનામત હોય તે જાતિના પુરૂષ ઉમેદવારને ફાળવી શકાશે. તે જ પ્રમાણે જો કોઇ જાતિ માટે બેઠક અનામત ન હોય તો બિન-અનામત કક્ષાના પુરૂષ ઉમેદવારને બેઠક ફાળવી શકાશે. |
| ૩. | જે પ્રમાણે અનુ.જાતિ/જનજાતિ વગેરે માટે રોસ્ટર પ્રથા દાખલ કરેલ છે. તે પ્રમાણે આ અનામતના સંદર્ભમાં રોસ્ટર ક્રમાંક નિયત કરવામાં આવ્યો છે કે કેમ ? | દર ૧૦ બેઠકે ૩.૩ બેઠક મહિલાઓ માટે અનામત રાખવાની થાય છે. પરંતુ બેઠકની ગણતરી કરતી વખતે પૂર્ણાંક સંખ્યા ધ્યાને લઈ ગણતરી કરવાની રહેશે. એટલે કે, જો કુલ ૨૦ બેઠકો હોય તે સંજોગોમાં મહિલાઓ માટે ૬.૬ બેઠકો અનામત રાખવાની/ફાળવવાની થાય. પરંતુ પૂર્ણાંક સંખ્યા ધ્યાને લેતા ૬ બેઠકો સંબંધિત કેટેગરીમાં મહિલા માટે ગણતરી કરવાની થશે અને અપૂર્ણાંક સંખ્યાની ગણતરી માટેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે અને પછીના ભરતી પ્રસંગે સંબંધિત કેટેગરીની મહિલાઓ માટેની બેઠકની અનામતના અપૂર્ણાંકને આગળ ખેંચવાનો રહેશે અને આ અપૂર્ણાંક જ્યારે પૂર્ણાંક બને ત્યારે તેની ગણતરી કરી મહિલાઓ માટેની અનામતની જગ્યા ભરવાની રહેશે. આ પ્રમાણે બેઠકની ગણતરી અનુ.જાતિ, અનુ.જનજાતિ, સા. અને શૈ. રીતે પ. વર્ગો અને અન્ય માટે પણ આ પ્રમાણે અલગ અલગ ગણવાની રહેશે. |
| ૪. | જો કોઇ પ્રસંગે અનામત બેઠક ઉપર પૂરતી સંખ્યામાં મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો તેવી મહિલા માટેની અનામત જગ્યા બાકી આગળ ખેંચવામાં આવશે કે કેમ ? | ના. પરંતુ ઉપર મુદ્દા નં.૩ માં જણાવ્યા પ્રમાણે કોઇ ભરતી પ્રસંગે પૂર્ણાંક કરતાં ઓછી બેઠક ભરવાની થતી હોય તો આવી ન ભરાયેલી અપૂર્ણાંક જગાની ગણતરી પછીના ભરતી પ્રસંગે કરવાની રહેશે. પરંતુ જ્યારે જગા અનામત જાહેર કરવામાં આવેલી હોય તેવે પ્રસંગે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો તેવી જગા ઉપર મુદ્દા નં.૨ માં જણાવ્યા અનુસાર જે તે કેટેગરીના પુરૂષ ઉમેદવારને બેઠક ફાળવી આપવામાં આવશે અને આવા સંજોગોમાં આગામી વર્ષમાં આવી જગા આગળ ખેંચવાની રહેશે નહી. |
| ૫. | શારીરિક ખોડખાંપણ અને માજી સૈનિકો માટે જે બેઠક અનામત રાખવામાં આવેલી હોય તેમાં મહિલા ઉમેદવારને અનામતનો લાભ મળી શકે કે કેમ ? | હા. જી. |
| ૬. | રાજ્ય સરકાર દ્વારા નિયંત્રિત અને સંચાલિત બોર્ડ, કોર્પોરેશન, યુનિવર્સિટી વગેરે સંસ્થાઓમાં આ હુકમો લાગુ પડશે કે કેમ ? | હા. જી. રાજ્ય સરકાર સંચાલિત બોર્ડ, કોર્પોરેશન, યુનિવર્સિટી વગેરે સંસ્થાઓ હસ્તકની સેવાઓમાં મહિલા અનામતના હુકમો લાગુ પડશે. |
| ૭. | જો કોઇ મહિલા ઉમેદવાર મેરીટને ધોરણે પસંદગી પામે તો તેને મહિલાની અનામત જગા સામે ગણવાની રહેશે કે કેમ ? | હા.જી. કુલ જગાના ૩૩ ટકા જગા મહિલા ઉમેદવારોથી ભરવાનો સરકારનો ઉદ્દેશ છે. આથી ૩૩ ટકા જગા પર ભરતી કરતી વખતે મેરીટને ધોરણે દાખલ થયેલા હોય તેવા ઉમેદવારની ગણતરી કરી ૩૩ ટકા જગ્યા પર જેટલા મહિલા ઉમેદવારો ખૂટતા હોય તેટલા મહિલા ઉમેદવારો અનામતના ધોરણે દાખલ થઈ શકશે. |
| ૮. | વિધવા મહિલા ઉમેદવારોને પ્રથમ પસંદગી આપવાની થાય છે કે કેમ ? જો હા. તો તે માટે શું સિદ્ધાંતો અનુસરવાના રહેશે. | વિધવા મહિલા ઉમેદવારોને પ્રથમ પસંદગી આપવાની થાય છે જે માટે નીચેના સિધ્ધાંતો અનુસરવાના રહેશે. :-<br>(૧) જે જગા માટે માત્ર સ્પર્ધાત્મક પરીક્ષા પધ્ધતિથી ભરતી કરાતી હોય તે જગા પર વિધવા ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમણે સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ ગુણના ૫ ટકા ગુણ, મેળવેલ ગુણમાં ઉમેરી પસંદગીયાદી તૈયાર કરવાની રહેશે. તે જ પ્રમાણે માત્ર ઉમેદવારની રૂબરૂ મુલાકાતને આધારે જ જગા પર પસંદગીથી ભરતી કરાતી હોય તેવી જગાની બાબતમાં પણ ઉમેદવારે રૂબરૂ મુલાકાતમાં મેળવેલ ગુણના ૫ |

| | | |
|---|---|---|
| | | ટકા ગુણ. મેળવેલ ગુણમાં ઉમેરવાના રહેશે.<br><br>(૨) જે કિસ્સામાં સ્પર્ધાત્મક પરીક્ષા અને રૂબરૂ મુલાકાત બંનેની જોગવાઇ હોય તે કિસ્સામાં ઉપર ક્રમ (૧) મુજબ દરેક તબક્કે ૫ ટકા ગુણ ઉમેરી પસંદ થયેલા ઉમેદવારની પસંદગીયાદી તૈયાર કરવાની રહેશે.<br><br>(૩) જે કિસ્સામાં પરીક્ષામાં બેસવા અથવા તો ઇન્ટરવ્યુ આપવા માટે એસ.એસ.સી. વગેરે લાયકાતની પરીક્ષામાં મેળવેલ ગુણને આધારે પાત્રતા નક્કી થતી હોય તેવા કિસ્સામાં પાત્રતા નક્કી કરવાના હેતુસર ગુણની જરૂરીયાતમાં ૫ ટકાની છુટ મુકવાની થશે.<br><br>(૪) ઉપર (૧) થી (૩) મુજબનો માત્ર લાભ એવી વિધવા મહિલા ઉમેદવારોને જ આપવાનો રહેશે, જેમણે ભરતી તથા નિમણૂંક સમયે પુનઃ લગ્ન કરેલ ન હોય. |
| ૯. | અનુસૂચિત જાતિ/અનુસૂચિત જન જાતિ / સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને ઉપલી વય-મર્યાદામાં પાંચ વર્ષ સુધી છુટછાટ મળવાપાત્ર છે. આ જાતિની મહિલાઓને તે પાંચ વર્ષની છુટછાટ ઉપરાંત તા.૯/૪/૯૭ના હુકમોથી મળવાપાત્ર ઉપલી વય-મર્યાદામાં બીજા પાંચ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે કે કેમ ? | હા. જી. પરંતુ મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં આ લાભ મળવાપાત્ર થશે. |
| ૧૦. | શારીરિક ખોડખાંપણ ધરાવતી વ્યક્તિઓને (દિવ્યાંગ ઉમેદવાર) વય-મર્યાદામાં મળવાપાત્ર છુટછાટ ઉપરાંત તા.૯/૪/૯૭ના હુકમોથી મળવાપાત્ર ઉપલી વય-મર્યાદામાં છુટછાટ મહિલાઓના કિસ્સામાં મળવાપાત્ર થાય કે કેમ ? | હા. જી. પરંતુ મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં આ લાભ મળવાપાત્ર થશે. |
| ૧૧. | માજી સૈનિકને વય-મર્યાદામાં મળવાપાત્ર છુટછાટ ઉપરાંત તા.૯/૪/૯૭ના હુકમોથી મળવાપાત્ર ઉપલી વય-મર્યાદામાં છુટછાટ મહિલાઓના કિસ્સામાં મળવાપાત્ર થાય કે કેમ ? | હા.જી. |
| ૧૨. | જો મેરીટના આધારે અ.જા./અ.જ.જા./ સા.શૈ.પ.વર્ગની મહિલા જનરલ કોટામાં પસંદગી પામે તો તેને જનરલ મહિલાના કોટામાં અનામત તરીકે ગણવાની કે સંબંધિત કેટેગરીની મહિલા અનામત સામે ગણતરી કરવાની થશે ? | જો મેરીટના આધારે અ.જા./અ.જ.જા./સા.શૈ.પ.વર્ગની મહિલા જનરલ કોટામાં પસંદગી પામે તો તેને સંબંધિત કેટેગરીની મહિલા અનામત તરીકે ગણવી પરંતુ, રોસ્ટર ક્રમાંકમાં જનરલ ઉમેદવાર તરીકે ધ્યાને લેવાની થશે અને મહિલા અનામતના રજીસ્ટરમાં સંબંધિત કેટેગરી (ST/SC/SEBC)ની મહિલા તરીકે ગણાશે. એટલે કે, સંબંધિત કેટેગરી (ST/SC/SEBC) મહિલાની અનામતના પ્રતિનિધિત્વ તરીકે ધ્યાને લેવાનું રહેશે. |
| ૧૩. | જો ક્રમાંક (૧૨) મુજબ મેરીટના ધોરણે પસંદ પામેલ સંબંધિત કેટેગરીની મહિલા અનામત તરીકે ગણવાની થાય તો સંબંધિત કેટેગરીની તેટલી જગ્યા ઓછી ભરવાની થશે. | ના. મેરીટના ધોરણે પસંદ થયેલ સંબંધિત કેટેગરીની મહિલા સંબંધિત કેટેગરીમાં ગણાશે પરંતુ સંબંધિત કેટેગરી (ST/SC/SEBC)ની જગ્યા ખાલી ગણાશે. (દા.ત. કોઇ જગ્યાની જાહેરાતમાં અનુસુચિત જાતિની કુલ અનામત જગ્યા ૧૭ હોય તો તેમાંથી અ.જા.ની મહિલા ઉમેદવારની અનામત માટે ૫ જગ્યા ફાળે આવે જો અ.જા.ની બે મહિલા કોમન મેરીટના ધોરણે ઉપલબ્ધ થાય/પસંદ પામે તો બાકીની ત્રણ અ.જા.ની મહિલાની પસંદગી કરવાની રહે. આ માટે પ્રથમ અ.જા.નું કુલ મેરીટ લીસ્ટ બનાવવાનું અને તેમાં ધારો કે ત્રણ મહિલા ઉપલબ્ધ થાય તો અ.જા.ની મહિલાઓનું પ્રતિનિધિત્વ પૂર્ણ થયેલ ગણાશે. પરંતુ, જો બે |

| | | |
|---|---|---|
| | | મહિલા ઉપલબ્ધ થાય તો અ.જા.ની એક મહિલા ઉમેદવાર ખુટે આ માટે છેલ્લા અ.જા.ના. પુરૂષના સ્થાને નિયત કરેલ માર્કસનું ધોરણ ઘટાડી અ.જા.ની. એક મહિલાને સ્થાન આપવાનું થશે. તદ્‌-અનુસાર અન્ય કેટેગરીની ગણતરી કરવાની રહેશે.<br>ઉપરાંત અ.જા.ની બે મહિલા કોમન મેરીટના ધોરણે ઉપલબ્ધ થયેલ/પસંદગી પામેલ છે. જેનો અ.જા.ની મહિલાના પ્રતિનિધિત્વમાં સમાવેશ કરેલ છે. પરંતુ અ.જા.નું કુલ પ્રતિનિધિત્વમાં જેટલા ઉમેદવાર કોમન મેરીટના ધોરણે ઉપલબ્ધ થયેલ/પસંદગી પામેલ હોય તેટલા ઉમેદવાર જનરલ કેટેગરીમાં ગણવાના થતા હોવાથી અ.જા.ના. કુલ ૧૭ પૈકી ખુટતા ઉમેદવાર નિયત કરેલ માર્કસનું ધોરણ ઘટાડી પસંદ કરવાના થાય. |

ઉપરોક્ત સૂચનાઓ રાજ્ય સરકારના નિયંત્રણ હેઠળના બોર્ડ/કોર્પોરેશન/યુનિવર્સિટી/તમામ નિમણૂંકી સત્તાધિકારીઓને વગેરેના ધ્યાન ઉપર લાવવા અને સરકારના ઉપરોક્ત હુકમોનું ચુસ્તપણે પાલન કરાવવા સંબંધિત વિભાગોને આથી સૂચનાઓ આપવામાં આવે છે. અને તેના ચુસ્ત અમલની સઘળી જવાબદારી નિમણૂંકી સત્તાધિકારીની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જ્વલંત ત્રિવેદી)
અધિક સચિવ (ક.ગ)
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ,ગાંધીનગર (કર્મયોગી ભવન, સેકટર-૧૦-એ)
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત રાજ્ય માહિતી આયોગ, ગાંધીનગર.
સચિવાલયના તમામ વિભાગો. (તેમના તાબાના ખાતાના વડાઓ/કચેરીના વડાઓને યોગ્ય સુચના આપવાની વિનંતી સહ.)
સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ/ અધિકારીઓ
પસંદગી ફાઇલ
*પત્ર દ્વારા